Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**21**

# અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા નો ચોક્કસ ચલોના સદર્ભમાં અભ્યાસ

**પટેલ વિમલકુમાર ચતુરભાઈ**

રિસર્ચ સ્કોલર

ડો. કમલેશ જી પરમાર

માર્ગદર્શક: ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢ

**સારાંશ**

ગુજરાતની શાળાઓમાં અન્ય રાજ્યોની સરખામણી માં અંગ્રેજી ભાષાનું સ્તર ખુબ નિમ્ન કક્ષાનું માનવામાં આવે છે.જ્યાં અંગ્રેજી ભાષામાં પ્રત્યાયનની વાત આવે ત્યાં ગુજરાતી બાળક પાછળ પડે છે.પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા નો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ કરેલ છે.પ્રસ્તુત સંશોધન અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળાઓ પુરતું જ મર્યાદિત રહેશે.પ્રસ્તુત સંશોધન માં અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળાઓમાંથી કુલ 10 શાળાના કુલ 500 બાળકોની વ્યાપવિશ્વ અને નમુના તરીકે પસંદગી કરવામાં આવી.સર્જનશીલતા કસોટીના ઉપયોગ દ્વારા અભ્યાસ

કરવામાં આવ્યો. શાળાનો વિસ્તાર ,શાળાનો પ્રકાર ,ધોરણ અને જાતિ આધારિત બાળકોની મૂલ્યાંકન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા કરવામાં આવેલ.

- **પ્રસ્તાવના**

સર્જનશીલતા એ કોઈપણ કલ્પનાશીલ વિચારને હકીકતમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે. એવું કહેવાય છે કે આશરે દસ લાખ વર્ષ પહેલા મનુષ્ય એ અગ્નિની શોધ કરી હતી .અગ્નિની શોધ પછી મનુષ્ય એ જો કોઈ મહત્વની શોધ કરી હોય તો તે ચક્ર ની શોધ ગણી શકાય.ઈ.સ.પૂર્વે ૩૫ મી સદીમાં ચક્રની શોધ થઇ હોવાનું માનવામાં આવે છે.

આધુનિક યુગની વાત કરીએ તો ૧૮ મી અને ૧૯ મી સદીમાં ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિએ આધુનિક ઔદ્યોગિક યુગની શરૂઆત કરી. ચાર્લ્સ બાબેજે ૧૮૩૩ થી ૧૮૭૧ વચ્ચેના સમયગાળામાં યાંત્રિક ગણનયંત્ર ( મીકેનીકલ કોમ્પ્યુટર) શોધ્યું. ૧૯૪૦ ના દાયકામાં જોહન વિન્સેન્ટ અટનાસોફે વિજાણુંકીય ગણનયંત્ર ની શોધ કરી તે સાથે જ વિશ્વ કમ્પ્યુટર યુગમાં પ્રવેશ્યું.

આજે વિશ્વ કમ્યુટર યુગમાં પ્રવેશ્યું. ૧૯૮૧ માં એડમ ઓસ્બારને સૌ પ્રથમ લેપટોપ બનાવ્યું.હવે માનવીય કામદારોનું સ્થાન રોબોટે લઇ લીધું છે. માનવીએ કરેલો આ અસીમિત વિકાસ તેની જીજ્ઞાસાવૃત્તિ અને તેની સર્જનાત્મકતાને આભારી છે. વિજ્ઞાનની દરેક ક્રાંતિકારી શોધની પાછળ મનુષ્યની આ બે વૃત્તિઓ રહેલી છે.માનવીની સર્જનાત્મકતા તેને કોઈ પણ ક્ષેત્રમાં સફળતા અપાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- **સર્જનશીલતા બાબતે વિચારો**

સર્જનશીલતા ની મદદથી સર્જન પામેલી કોઈ પણ વસ્તુ અદ્વિતીય હોય છે, પછી તે કોઈ નવી વિચારધારા હોય,વૈજ્ઞાનિક સિધ્ધાંત હોય,સંગીત હોય કે પછી નાનકડો ટુચકો હોય .

જો કોઈ કલાકાર,લેખક ,સંગીતકાર ,ફોટોગ્રાફર કે ડીઝાઈનર હોય તો તેને પણ સર્જક તરીકે ઓળખવામાં આવે છે .એક સર્જક સામાન્ય બાબતને પણ તેના દૃષ્ટિકોણ દ્વારા અદભુત રીતે પ્રદર્શિત કરી શકે છે .જેમ એક કવિ થોડાક સામાન્ય શબ્દોની મદદથી એક અદભુત કવિતાનું સર્જન કરી શકે છે .જે તે વિષયમાં વ્યક્તિની સર્જનાત્મકતાથી તેની તે વિષયમાં નિપુણતાનો ખ્યાલ આવે છે .એવું કહેવાય છે કે મનુષ્ય જન્મથી જ સર્જનશીલ હોય છે.થોમસ આલ્વા એડીશન જેણે એક હજાર કરતાય વધુ શોધોની પેટર્ન કરાવી છે.તેને શિક્ષક્ને વધુ પ્રશ્નો પુછવા બદલ મુર્ખ ગણવામાં આવતો હતો. માતા પાસે રહીને શિક્ષણ મેળવી નામ રોશન કર્યું. આઈ ટી આઈ ની પરીક્ષામાં નાપાસ થનાર આલ્બર્ટ આઈસ્ટાઈને બ્રહ્માંડ નાં ઘણા રહસ્યોને ઉજાગર કર્યા. સ્ટીફન હોકિન્સ જેને ખુબ નાની ઉમરમાં આખા શરીરે લકવો હતો તેને ૨૦ મી સદીના આઇસ્ટાઈન તરીકે ઓળખવામાં આવે છે. આમ કોઈ પણ ક્ષેત્રમા સફળ થવા માટે સર્જનાત્મકતા ખુબ જ મહત્વ ધરાવે છે.

**અભ્યાસનું મહત્વ** :

કોઈપણ પ્રકારના સંશોધનનું મુલ્ય તેની ઉપયોગીતાના આધારે નક્કી થાય છે.સંશોધનનું ઉપયોગિતાનું મુલ્ય જેટલું ઊંચું હોય તેટલું તે વધુ મુલ્યવાન ગણાય છે.માધ્યમિક શાળાઓના

ધોરણ 9 અને 10 નાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી સર્જનશીલતા આ અભ્યાસ ની મદદથી જાણી શકાઈ.

- પ્રસ્તુત અભ્યાસ ની મદદથી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનશીલતા જાણી શકાશે.
- માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતામાં રહેલી કચાશ જાણી તેને દૂર કરવાના ઉપાયો વિચારી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શાળાઓનાં શિક્ષકોને તેમના વિદ્યાર્થીઓની સરેરાશ અંગ્રેજી સર્જન શીલતા જાણવામાં મદદ મળશે.
- પ્રસ્તુત અભ્યાસ થી વિદ્યાર્થીઓ ,શિક્ષકો તેમજ વાલીઓ અંગ્રેજી ભાષાનું મહત્વ સમજી શકશે.
- માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધારવામાં મદદરૂપ બનશે.

➢ **સમસ્યા વિધાન**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા વિધાન નીચે મુજબ છે.

"અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા નો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ."

- **અભ્યાસના ચલો**

**સ્વતંત્ર ચલ**

શાળાનો વિસ્તાર

અ .શહેરી બ. ગ્રામ્ય

શાળાનો પ્રકાર

અ. અનુદાનિત બ.બિન અનુદાનિત શાળા

ધોરણ

અ. ધોરણ ૯ બ. ધોરણ 10

જાતિ

અ.કુમાર બ. કન્યા

**પરતંત્ર ચલ**

અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો

- **અભ્યાસના હેતુઓ** :

સંશોધન એ હેતુ આધારિત પ્રક્રિયા છે. કોઈપણ પ્રકારના હેતુ વિનાનું સંશોધન સંભવી શકે નહિ .હેતુઓ સંશોધનને યોગ્ય શરૂઆત કરવામાં મદદરૂપ થાય છે.પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧ .માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા નો અભ્યાસ કરવો .

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

૨. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા પર શાળાના વિસ્તારની અસર તપાસવી .

૩. માધ્યમિક શાળાઓઆ વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા પર શાળાના પ્રકારની અસર તપાસવી.

૪. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા પર તેમના ધોરણની અસર તપાસવી.

૫. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા પર તેમની જાતિની અસર તપાસવી.

➢ **અભ્યાસની ઉત્કલ્પનાઓ**

- ✓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય
- ✓ અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય
- ✓ ધોરણ 9 અને ધોરણ 10 નાં વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય
- ✓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની અનુદાનિત માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

- ✓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય
- ✓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ધોરણ 9 નાં વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય
- ✓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ધોરણ 9 નાં વિદ્યાર્થીઓની અંગ્રેજી સર્જનશીલતા કસોટીના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

➢ **અભ્યાસની મર્યાદાઓ :**

- ✓ પ્રસ્તુત સંશોધન માત્ર અમદાવાદ જીલ્લાની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પુરતો માર્યાદિત છે.
- ✓ પ્રસ્તુત સંશોધન માટે ધોરણ 9 અને ધોરણ 10 નાં વિધ્યાર્તીઓને નમુના તરીકે લેવામાં આવ્યા છે.
- ✓ આ સંશોધન માટે અમદાવાદ જીલ્લાની અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ આ સંશોધન ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પુરતો માર્યાદિત છે.
- ✓ પ્રસ્તુત સંશોધન માટે અંગ્રેજી સર્જનશીલતા કસોટીનો ઉપયીગ કરવામાં આવ્યો છે.

**વ્યાપ વિશ્વ અને નમુના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસ માં અમદાવાદ જીલ્લાની માધ્યમિક શાળાઓના ધોરણ 9 અને 10 નાં કુલ 700 બાળકો નમુના પસંદગી તરીકે લેવામાં આવ્યા છે. કુલ 10 શાળાઓના રેન્ડમલી અને સશોધન હાથ ધરવામાં આવેલ છે.

**અભ્યાસ ની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિએ હાથ ધરાયું હતું.જેમાં સર્વેક્ષણ હાથ ધરાયું હતું.

ઉપકરણની પસંદગી અને સંરચના

સર્જન શીલતા કસોટી નાં માધ્યમ થી બાળકોની સર્જનાત્મકતા જાણી શકાય તે રીતના પ્રશ્નોના માધ્યમથી મુલ્યાંકન કરવામાં આવ્યું.

**તારણ:**

- ✓ વિદ્યાર્થીઓ રસના વિષયમાં સારું સર્જનશીલ કાર્ય કરે છે.
- ✓ ધોરણ 9 નાં વિદ્યાર્થીઓની સર્જનશીલતા ધોરણ 10 નાં વિદ્યાર્થીઓ કરતા વિશેષ જોવા મળી.
- ✓ ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માં બાળકો માટે સર્જનાત્મકતા માં કોઈ ખાસ ફેરફાર નાં જોવા મળ્યો.
- ✓ અભ્યાસ માં નબળા બાળકો પણ સારું સર્જનાત્મક કાર્ય કરી શકે છે તે જાણવા મળ્યું.
- ✓ વાલીઓના સાથ સહકારથી બાળકોના અંગ્રેજી વિષય વિકાસ માટે આયોજન નક્કી કરવા માટે નો આધાર પ્રાપ્ત થયો.
- ✓ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળામાં બાળકોની સર્જનશીલતા માં કોઈ સાર્થક તફાવત જોવા ના મળ્યો .

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**ઉપસંહાર :**

બાળકોની અંગ્રેજી સર્જનશીલતા જાણવા મળતા તેના આધારે બાળકો માટે નવીન આયોજન વિચારી અંગ્રેજી વિષયમાં બાળકો રસ લેતા થાય તેવું આયોજન આપણે કરી શકીએ. પ્રસ્તુત અભ્યાસ આપણને બાળકોની અંગ્રેજી ભાષા રસ ,રૂચી ,સર્જન શીલતા જાણવામાં ખુબ ઉપયોગી નીવડ્યો.બાળકોની અભિરુચિ પણ જાણવા મળી.

**સંદર્ભ :**

અગ્રવાલ જે.સી EDUCATION RESEARCH AND INTRODUCTIONS